ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૩/૧૯–૨૦/3232 તારીખ : 16 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વીનુભાઈ ડાયાભાઈ વંકાણી,**
ગામ–ભદ્રાવળ, તા.તળાજા,
જી.ભાવનગર.

કેસ નં.૩૩/૧૯–૨૦

**વિષય : અમારા કપાયેલા ખેતીવાડી વીજ કનેકશનના પુનઃ જોડાણ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૫/૦૬/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૧૯–૨૦/૨૩૧૯ તા.૨૧/૦૬/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૧૯–૨૦/૨૮૮૧ તા.૨૫/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૬/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ત્રાપજ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૩૩/૧૯–૨૦</u>** ☜

વાદી :– શ્રી વીનુભાઈ ડાયાભાઈ વંકાણી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૦૬.૦૮.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી વીનુભાઈ ડાયાભાઈ વંકાણી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વીનુભાઈ ડાયાભાઈ વંકાણી, મુ.ભદ્રાવળ, તા.તળાજા, જી.ભાવનગરની અમારા કપાયેલા ખેતીવાડી વીજ કનેકશનના પુનઃ જોડાણ બાબતની રજુઆત કન્વીંનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૩/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૩૩/૧૯–૨૦/૨૩૧૯ તા.૨૧.૦૬.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૬.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વીનુભાઈ ડાયાભાઈ વંકાણી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના ભદ્રાવળ ગામ ખાતે ગ્રાહક નં.૮૧૦૧૯/૫૦૦૮૩/૨ થી ડાયાભાઈ મુળજીભાઈ વંકાણીના નામથી ખેતીવાડી માટેનું વીજજોડાણ ધરાવીએ છીએ.

૧.૨ સદરહુ વીજજોડાણના નાણા અમોએ સમયસર વર્ષો વર્ષ ભરેલ હતાં. પરંતુ આપના કલેકશન સેન્ટરની શરતચુકથી સદરહુ અમારા બીલની રકમ અન્ય આસામી ડાયાભાઈ મુળજીભાઈ ધામેલીયાના અમારા જેવા જ નામના ખાતામાં જમા લેવાઈ જતાં ભુલથી અમારૂ વીજજોડાણ ડીસકનેકટ કરવામાં આવેલ. જેના અનુસંધાને અમોએ તા.૧૬.૧૨.૨૦૧૦ ના રોજ અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વર્તુળ, ભાવનગરની કચેરીને લેખીતમાં ફરીયાદ આપેલ. જેના અનુસંધાને અમોને તા.૦૫.૦૭.૧૧ ના રોજ પીજીવીસીએલ ત્રાપજની કચેરીમાં

..૨..

P.G.V.C.L. Bhavnagar. Consumer Redressal Forum

તમામ જરૂરી પહોંચો સાથે રૂબરૂ હાજર રહેવા જણાવેલ, જે મુજબ અમો તા.૦૫.૦૭.૧૧ ના રોજ ત્રાપજની કચેરીએ હાજર રહેલ તથા રકમ નિયમીત ભર્યાની અસલ પહોંચો રૂબરૂમાં જમા કરાવેલ. જેના અનુસંધાને પીજીવીસીએલ, ડીવીઝન ઓફીસ, પાલીતાણાના પત્ર નં.પીડી/એકા/ફોરમ/૯૨૪૪ તા.૩૧.૦૬.૨૦૧૩ અમોએ ભરેલ રકમ કે જે શરતચુકથી અન્યના ખાતામાં જમા થઈ ગયેલ, તે અમોના ખાતામાં મજરે આપી દીધેલ છે.

૧.૩ ઉપરોક્ત વિગતે અમો શ્રી ડાયાભાઈ મુળજીભાઈ વંકાણીએ આપના ખાતાની રકમ પુરેપુરી સમયસર ભરપાઈ કરેલ હોવા છતાં આપની કચેરીની શરતચુકથી ભુલથી અમારૂ કનેકશન ડીસકનેકટ કરેલ હતું અને અમોને રકમ ભરપાઈ કરેલ હોવા છતાં અમારા સામે તળાજાના મ્હે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં બાકી રકમ રૂા.૫૬૬૦/– મેળવવા દાવો દાખલ કરેલ.

૧.૪ ઉપરોક્ત હીકકતે જે તે લગત કચેરી દવારા થયેલ ભુલ સુધારી લેતા અને તળાજાના મ્હે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં બાકી રકમ રૂા.૫૬૬૦/– મેળવવા અમારા સામે કરવામાં આવેલ દાવો વીથ–ડ્રો કરવામાં આવેલ. દાવો વીથ–ડ્રો કરતાં અમો કાયદેસર રીતે અમારૂ ઉપરોક્ત નંબરવાળું વીજજોડાણ ફરીથી ચાલુ કરાવવા હકકદાર થયા છીએ.

૧.૫ આમ ઉપરોક્ત હીકકતે અમો અમારૂ ડીસકનેકટ થયેલ કાયદેસરનું વીજજોડાણ ફરીથી ચાલુ કરાવવા માટે લગભગ ૧૦ વર્ષથી સતત આપના તાબાની લગત કચેરીઓના તથા અદાલતના આંટાફેરા લગાવી રહયા છીએ. છેલ્લે તળાજાના મ્હે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં બાકી રકમ રૂા.૫૬૬૦/– મેળવવા અમારી સામે કરવામાં આવેલ દાવો પીજીવીસીએલ દવારા વીથ–ડ્રો કરવા છતાં અને અનેક પત્ર વ્યવહાર કરવા છતાં અમોને અમારૂ ડીસકનેકટ થયેલ વીજજોડાણ ફરીથી ચાલુ કરી આપવામાં આવતું નથી.

૧.૬ આમ ઉપરોક્ત હકીકતે ન્યાય મેળવવા માટે ૧૦ વર્ષ જેટલો સમય વીતી જતા અને તે સમય દરમ્યાન અમોના પિતાશ્રી ડાયાભાળ મુળજીભાઈ વંકાણીનું અવસાન થતાં હવે આ ડીસકનેકટ થયેલ વીજજોડાણ ફરીથી ચાલુ કરાવવાની જવાબદારી અમો ગુજરનારના વારસદારના શીરે આવેલ હોય આપને રજુઆત કરી જણાવું છું કે ઉપરોક્ત મારા ગુજરનાર પિતાશ્રીના નામનું ડીસકનેકટ થયેલ વીજજોડાણ ફરીથી ચાલુ કરી આપી અમો વિનુભાઈ ડાયાભાઈ વંકાણીના નામ પર ટ્રાન્સફર કરી આપવા નમ્ર અરજ છે.

૧.૭ ફરીથી વીજજોડાણ ચાલુ કરી અમારા નામે ટ્રાન્સફર કરી આપવા માટે વારસદારોનું જરૂરી સંમતી પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

૧.૮ આમ ઉપરોક્ત હકીકતે જયારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દવારા ખેડુતોના હિત અંગે ઘણી જ કાળજી લેવાઈ રહી છે ત્યારે અમો એક નાના ખેડુતને છેલ્લા ૧૦ વર્ષથી ન્યાય મેળવવા માટે અલગ અલગ કચેરીઓથી લઈ છેક અદાલત સુધીના ચકકર લગાવવા પડેલ છે અને નાછુટકે આવી કારમી મોંઘવારીમાં પણ સતત નાણાકીય ખર્ચ વેઠવો પડી રહેલ છે.

૧.૯ ઉપરોક્ત સઘળી હકીકતો ધ્યાને લઈ અમોને ઉપરોક્ત વીજજોડાણ ફરીથી અમારા નામ પર ચાલુ કરી આપવા આપ સાહેબને નમ્ર અરજ છે. અન્યથા અમારે હવે નાછુટકે આંતરી ન્યાયી રાહે યોગ્ય કાર્યવાહી કરવાની ફરજ પડશે.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના ભદ્રાવળ ગામે ગ્રાહક નં.૮૧૦૧૯/૫૦૦૮૩/૨ થી ડાયાભાઈ મુળજીભાઈ વંકાણીના નામથી ખેતીવાડી માટેનું ૫ હો.પા.નું એ–૧ કેટેગરીનું વીજજોડાણ ધરાવતા હતાં. સદર વીજજોડાણમાં જે તે સમયે બાકી રકમ રૂા.૫૬૬૧/– ભરપાઈ થયેલ નહી તેથી તે વીજજોડાણને તા.૦૯.૦૭.૨૦૦૫ ના રોજ કાયમી ધોરણે "X" PDC થયેલ છે.

૨.૨ તે માટે તળાજાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિવાની કેસ નં.૨૬૫/૨૦૦૬ થી રૂા.૫૬૬૦/– વસુલ મેળવવા માટે દાવો દાખલ કરવામાં આવેલ, તે સમયેનો ગ્રાહક નં.૩૭૮૬૯/૫૦૦૮૩/૯ હતો.

૨.૩ ત્યારબાદ વાદીશ્રીની ફરીયાદ તા.૦૯.૦૩.૨૦૧૦ ના આધારે વાદીએ વીજબીલ પેટે ભરેલ રકમ તેઓના ખાતામાં જમા નહી થતાં આજ ગામના સરખું નામ ધરાવતાં કે જેમાં માત્ર અટકનો ફેર છે તેવા વીજગ્રાહક શ્રી ડાયાભાઈ મુળજીભાઈ ધામેલીયા, ગ્રાહક નં.૮૧૦૧૯/૫૦૦૩૩/૬ ના ખાતામાં જમા થયેલ તેવું ફરીયાદના આધારે તપાસ કરતાં જણાય આવેલ.

૨.૪ આ માટે વાદીએ અગાઉ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં કેસ નં.૫૩/૧૩–૧૪ થી ફરીયાદ કરેલ પરંતુ સદર ફરીયાદમાં તળાજા કોર્ટમાં કેસ પેન્ડીગ હોય, ફરમ દવારા કશું કરવાનું રહેતું નથી, તેવો હુકમ કરવામાં આવેલ છે.

૨.૫ ફરીયાદના અનુસંધાને ત્રાપજ પેટા વિભાગીય કચેરી દવારા ચકાસણી કરતાં ગ્રાહક નં.૮૧૦૧૯/૫૦૦૮૩/૨ ખાતે ન જમા થયેલ રકમ એડજસ્ટ/ ટ્રાન્સફર કરી, વાદી દવારા કરેલ ફરીયાદનું નિવારણ કરી આપેલ. ત્રાપજ પે.વી.કચેરી દવારા શરતચુકથી થયેલ ભુલ સુધારી લેતાં તળાજા કોર્ટમાં બાકી રકમ રૂા.૫૬૬૦/– મેળવવા સામે કરવામાં આવેલ દાવાની વીથ–ડ્રો પુરસીસ તા.૧૦.૧૦.૨૦૧૪ થી રજુ થયેલ, જે બીનશરતી હતી જે આ સાથે સામેલ છે.

૨.૬ હાલમાં વાદીશ્રીનાં પિતાશ્રી ડાયાભાઈ મુળજીભાઈ વંકાણી હયાત ન હોય તેમજ જી.ઈ.આર.સી. ઈલેકટ્રીસીટી સપ્લાય કોડ રેગ્યુલેશન નોટીફીકેશન નં.૧૧/૨૦૦૫ સેકશન ૮.૭.૪ પ્રમાણે તથા સ્ટાન્ડર્ડ ઓફ પર્ફોમન્સની શરત મુજબ જે વીજજોડાણ X થયેલ માટે એગ્રીમેટ ટર્મિનેટ થયેલ છે, જેથી વીજજોડાણ કાયમી ધોરણે કપાયેલ હોય અને છ માસથી વધુ સમય થયેલ હોય તેવી પરિસ્થીતીમાં પુનઃ જોડાણ માટે નવેસરથી અરજી કર્યેથી વીજજોડાણ આપી શકાય નહી. જેથી વાદી દવારા આવી કોઈ અરજી ન થયેલ હોય પુનઃ જોડાણ કરી આપેલ નથી.

૨.૭ વધુ ફરીયાદ તપાસતાં વાદીશ્રીનાં પિતાશ્રી અવસાન પામેલ છે. જેના મરણનો દાખલો પેટા વિભાગીય કચેરીમાં રજુ કરેલ નથી. જમીનની વહેંચણી થઈ હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલ નથી.

૨.૮ હાલમાં વાદીશ્રી વિનુભાઈ ડાયાભાઈ વંકાણી દવારા નવીન ખેતીવાડી વીજજોડાણની માંગણી તા.૦૩.૦૭.૨૦૧૯ ના રોજ થયેલ છે. જેમાં ત્રાપજ પેટા વિભાગીય કચેરીનો ખેતીવાડીનો જી.પી.નં.૪૯૨૦ છે. હાલમાં આ પેટા વિભાગીય કચેરી દવારા જાન્યુઆરી–૨૦૧૯ નાં અંદાજપત્રો પાઠવેલ છે. જેથી તેઓનો ક્રમમાં વારો આવ્યેથી તરત જ વીજજોડાણની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર વિનુભાઈ ડાયાભાઈ વંકાણીએ તેના મૃત પિતા ડાયાભાઈ મુળજીભાઈ વંકાણી વતી ફોરમને ફરીયાદ કરેલ છે કે તેઓ ભદ્રાવળ ગામે તળાજા તાલુકામાં ગ્રાહક નં.૮૧૦૧૯/૫૦૦૮૩/૨ થી ૫ હો.પા.નું એ–૧ ટેરીફ હેઠળનું ખેતીવાડી વીજજોડાણ ધરાવતાં હતાં.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીનું ખેતીવાડી વીજજોડાણ રૂ.૫૬૬૦/– ની રકમ બાકી હોવાથી, તા.૦૯.૦૭.૦૫ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

૩.૩ વાદી પાસેથી વીજબીલની બાકી નીકળતી લેણી રકમને વસુલ કરવા માટે પ્રતિવાદીએ સીવીલ સ્યુટ નં.૨૬૫/૨૦૦૬ થી દિવાની દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ.

૩.૪ આશરે ૫ વર્ષ પછી વાદીએ પ્રતિવાદીને ફરીયાદ કરેલ કે તેઓ વીજજોડાણમાં નિયમીત રીતે રકમ ભરવા છતાં તેમજ તેઓએ ભરેલી વીજબીલની રકમ તેઓનું જ નામ ધરાવતાં બીજા માણસ ડાયાભાઈ મુળજીભાઈના ખાતામાં પ્રતિવાદીએ જમા કરવાથી તેઓનું વીજજોડાણ રદ કરવામાં આવેલ. આથી પ્રતિવાદીએ વિગતવાર તપાસ કરતાં વાદીની ફરીયાદ સાચી હોવાથી, વાદીનાં ખાતામાં મે–૨૦૧૨ ના રોજ બાકી નીકળતી લેણી રકમ એડજસ્ટમેન્ટ આપી જમા કરેલ, તેથી વાદી પાસેથી પ્રતિવાદીને મે–૨૦૧૨ ના રોજ કોઈ રકમ લેણી નીકળતી ન હતી.

૩.૫ વાદી સામે પ્રતિવાદીએ કહેવાથી લેણી નીકળતી રકમમાં દાખલ કરેલ સીવીલ સ્યુટ જુન–૨૦૧૩ માં પ્રતિવાદીએ વીથ–ડ્રો કરેલ. તે દરમ્યાન વાદીએ તે સમયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર ને તા.૧૯.૦૬.૧૩ ના રોજ તેઓનાં કનેકશનને પુનઃ જોડાણને ચાલુ કરી આપવા માટે ફરીયાદ કરેલ પરંતુ ફોરમે ઓર્ડર આપતાં સમયે વાદી સામે દાખલ કરેલ દિવાની દાવો નં.૨૬૫/૨૦૦૬ ચાલુ હોય, ફોરમે જી.ઈ.આર.સી. નાં નોટીફીકેશ નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(૧) મુજબ વાદીની ફરીયાદ રદ કરેલ.

૩.૬ ત્યારબાદ વાદીએ તા.૧૫.૦૬.૧૯ ના રોજ ફોરમને તેના જુના વીજજોડાણને પુનઃ ચાલુ કરવા માટે રજુઆત કરેલ છે.

૩.૭ ઉપર જણાવેલી તારીખોને ધ્યાનમાં રાખતાં વાદીનું વીજજોડાણ તા.૦૯.૦૭.૨૦૦૫ ના રોજ કાયમી ધોરણે રદ થયેલ, પ્રતિવાદીએ મે–૨૦૧૨ માં વાદીનાં ખાતામાં બાકી રહેલી લેણી રકમ સામે ક્રેડીટ એડજસ્ટમેન્ટ આપેલ તેમજ ફોરમને કેસ નં.૫૩/૧૩–૧૪ તા.૧૨.૦૮.૧૩ ના રોજનાં હુકમ પછી અને પ્રતિવાદીએ તા.૧૦.૧૦.૧૪ ના રોજ દાવો વીથ–ડ્રો કર્યા પછી આશરે ૫ વર્ષ પછી ફોરમને તેના વીજજોડાણનાં પુનઃ જોડાણ માટે ફરીયાદ કરેલ હોય, જી.ઈ.આર.સી. નાં નોટીફીકેશ નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(૩) મુજબ ૨ વર્ષ પહેલાનાં કેસની ફરીયાદ માટે વાદી હકકદાર ન હોય, ફોરમ દવારા વાદીની રજુઆત રદ કરવામાં આવે છે તેમજ વાદીએ તા.૦૩.૦૭.૧૯ ના રોજ માંગેલ નવું ખેતીવાડી વીજજોડાણને નિયમ મુજબ કાર્યવાહી કરી ચાલુ કરી આપવાનો હુકમ કરે છે.

P.G.V.C.L. Bhavnagar.

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં઼ુ.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૬.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.